25 સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# શિવજીના ભજન વિના કોઈ શ્રીરામની ભક્તિ પામી શકતું નથી

આચમન
બિપિન પટેલ

શ્રાવણ મહિનો આવે... ને.. શિવભક્તિ લાવે! હા! શ્રાવણ મહિનો આવે એટલે જનહૈયે શિવભક્તિની ભરતી ચઢે! તેમાંય શ્રાવણના સોમવારે તો જાણે સાક્ષાત્ શિવજી જ આ ધરા પર પધારે! શિવાલયો ભક્તોથી ઉભરાવા માંડે! અલબત્ત! માનવજીવનમાં તો પ્રત્યેક દિવસ, પ્રત્યેક ક્ષણ, પ્રત્યેક શ્વાસ અતિ મૂલ્યવાન છે. તેમ છતાં શ્રાવણ માસમાં કરેલી શિવભક્તિ દ્વારા મનુષ્ય આત્મકલ્યાણને માર્ગે આગળ વધી શકે છે. આ દિશામાં શ્રીરામચરિતમાનસમાં તુલસીદાસજીએ કહેલી રામ અને શિવ સંબંધી કેટલી માર્મિક બાબતો જાણવા જેવી છે. શ્રીરામચરિત માનસનાં માધ્યમ દ્વારા સ્વયં શિવજી કહે છે.‘સોઇ મમ ઈષ્ટદેવ રઘુબીરા - ભગવાન શ્રીરામ તો મારા ઈષ્ટદેવ છે. ‘રામ અને રામનામ તો શિવજીને વિશેષ પ્રિય. સમુદ્રમંથન વખતે નીકળેલું હળાહળ વિષ તેમણે રામનામના પ્રભાવથી જ કંઠમાં ધારણ કર્યું હતું ને! બીજી તરફ શિવજી પણ ભગવાન શ્રીરામના હૃદયમાં બિરાજમાન રહે છે. શ્રી રામ તો સ્પષ્ટ કહે છે, શંકર ભજન બિના નર ભગતિ ન પાળઈ મોર - શિવજીના ભજન વિના મનુષ્ય મારી ભકિત પામી શકતો નથી. કેવું અદભુત તાદાત્મ્ય છે અને રામ અને શિવ વચ્ચે! શ્રીરામચરિતમાનસમાં લંકાકાંડની એ ઘટના વિશેષ ચિંતનાત્મક અને પ્રેરક છે. લંકાપ્રવેશ માટે સાગર પર સેતુનું નિર્માણ થઇ ચૂક્યું છે. સૌ રીંછ-ભાલુ શ્રીરામના આદેશની જ



પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. ત્યાં શ્રી રામ બોલ્યા ‘‘જુઓ! આ ભૂમિ પરમ રમણીય અને ઉત્તમ છે. મારા મનમાં એક સંકલ્પ ઊઠે છે. મારે અહીં શિવજીની સ્થાપના કરવી જોઈએ એટલે આપણે પહેલાં શિવજીની સ્થાપના કરીશું. સૌનો ઉત્સાહ બેવડાયો. શ્રેષ્ઠ મુનિઓના આશીર્વાદ અને સ્વસ્તિ વચનો દ્વારા વિધિવત શ્રીરામ દ્વારા શિવલિંગની સ્થાપના થઈ. તેમનું પૂજન પણ થયું. ત્યાર બાદ શ્રી રામે કેટલીક માર્મિક વાણી ઉચ્ચારી. તેમણે કહ્યું, શિવ સમાન પ્રિય મોહિ ન દૂજા- શિવજી મને અત્યંત પ્રિય છે. જે શિવનો દ્રોહ કરે અને મારો ભક્ત કહેવડાવે તે મનુષ્ય સ્વપ્નમાં પણ મને પામી શકતો નથી.

> જે શિવનો દ્રોહ કરે અને મારો ભક્ત કહેવડાવે તે મનુષ્ય સ્વપ્નમાં પણ મને પામી શકતો નથી. શિવજીનો વિરોધ કરીને જો કોઇ મારી ભક્તિ પ્રાપ્ત કરવા ચાહે તો તે મૂર્ખ છે, અલ્પબુદ્ધિ છે. એટલું જ નહીં તે નરકગામી બને છે

શિવજીનો વિરોધ કરીને જો કોઈ મારી ભક્તિ પ્રાપ્ત કરવા ચાહે તો તે મૂર્ખ છે. અલ્પબુદ્ધિ છે. એટલું જ નહીં તે નરકગામી બને છે. જે કોઈ મારા દ્વારા સ્થાપિત આ રામેશ્વરમ્ શિવલિંગના દર્શન કરશે તે મૃત્યુ બાદ મારા લોકને પામશે અને જે ગંગાજળ દ્વારા તેનો અભિષેક કરશે તે સાયુજ્ય ભક્તિ પામશે. જે વ્યકિત છળકપટનો ત્યાગ કરીને રામેશ્વરમની સેવા કરશે તેને શિવજી મારી ભક્તિ આપશે. જે મારા બનાવેલા આ સેતુના દર્શન કરશે તે વિના શ્રમે સંસાર સાગર તરી જશે.’’ ચાલો, આપણે પણ શ્રીરામના આ શબ્દોમાં વિશ્વાસ રાખીને શ્રદ્ધાપૂર્વક શિવજીની સેવા કરીને આપણા જન્મને કૃતાર્થ કરીએ.

# સુખી થવાની કેટલીક ચાવીઓ

અજવાળાં
દુર્ગેશ ઉપાધ્યાય

સુખી થવું છે તો ક્ષમાવાન બનવું પડે, બીજાની ભૂલને માફ કરી દેવાની ક્ષમતા કેળવાય તો દુઃખી ન થવાય. ભૂલ કરનારને ખબર નથી કે તે શું કરી રહ્યો છે,



એ નાદાન છે, નાસમજ છે એમ સમજી એની ભૂલ કે ગુનો માફ કરી દો. એમાં જ મજા છે. એમાં સાચી શાંતિ અને સુખ છે. બીજાના દુઃખે દુઃખી થાવ અને એને મદદ કરો એમાંય સુખ છે. તમારાં સુખ અને શાંતિમાં કોઈ અડચણરૂપ ન થાય એવું તમે ઈચ્છતાં હો તો તમે પણ કોઈના સુખમાં અડચણ ન પહોંચાડો. સેવાની ભાવના પણ સુખની ચાવી છે.

ત્યાગવૃત્તિ એ સુખની વિશેષ ચાવી છે. સ્વજન માટે કે અન્ય માટે જતું કરવું, એમાંય આનંદ મળે છે. ભોગમાં જેટલો આનંદ છે, એનાથી વધુ ત્યાગમાં આનંદ છે. ભોગવૃત્તિમાં ક્ષણિક આનંદ મળે છે જ્યારે ત્યાગવૃત્તિનો આનંદ ચિરંજીવ હોય છે. બીજાને આપીને રાજી થવું, લઈને નહીં.

નમ્રતા અને સ્નેહ એ સુખની મહત્ત્વની ચાવીઓ છે. બધાંને પ્રેમથી આવકારવા, બધાં સાથે હળીમળીને રહેવું. તમે ગમે તેટલા મોટા માણસ થઈ ગયા હો પણ દરેક સાથે નમ્રતાપૂર્વક વ્યવહાર કરવો, એ સ્વયં સુખની પ્રાપ્તિ માટે જરૂરી છે. અભિમાની માણસને કોઈ બોલાવતું નથી. જો તમે માન-પાન ઈચ્છતાં હોય તો બીજાને માન આપતાં શીખવું પડે. જીવનમાં અન્યના સહકાર વિના સફળ થવાતું નથી. બધાંને સાથે લઈને ચાલવાનો ગુણ માણસને મહાન બનાવે છે.

વળી તમે જો ભૂલ કરો તો એનો વિના સંકોચે સ્વીકાર કરી લો. તમારી ભૂલ માટે તમે જવાબદાર છો એ સ્વીકારશો તો એમાં તમારી નૈતિકતા અને મહાનતા સાબિત થશે. કર્તવ્યનિષ્ઠા જીવનનું ખૂબ અગત્યનું અંગ છે. તમે જે કાર્ય કરો છો અથવા તમને જે કામ સોંપવામાં આવ્યું છે તે પૂર્ણ કરવામાં જ નહીં પણ સારી રીતે પરિણામદાયી કાર્ય પૂર્ણ કરવા માટે તમારી નિષ્ઠા હોવી જરૂરી છે. તે સાથે તમારી નીતિ સાફ અને સ્વચ્છ હોવી જોઈએ.

> નૈતિકતા અને સત્ય પ્રત્યેનું સમર્પણ સુખની માસ્ટર કી છે તો ખોટું થતું હોય ત્યાં વિરોધ કરવાની હિંમત પણ જરૂરી છે. આ બધાં ઉપરાંત સૌથી મહત્ત્વનું એ છે, તમારું મનોબળ. જો તમારું મનોબળ મજબૂત હશે તો સુખ અને સફળતા તમારી આસપાસ જ છે એમ સમજજો

નૈતિકતા અને સત્ય પ્રત્યેનું સમર્પણ સુખની માસ્ટર કી છે તો ખોટું થતું હોય ત્યાં વિરોધ કરવાની હિંમત પણ જરૂરી છે. આ બધાં ઉપરાંત સૌથી મહત્ત્વનું એ છે, તમારું મનોબળ. જો તમારું મનોબળ મજબૂત હશે તો સુખ અને સફળતા તમારી આસપાસ જ છે એમ સમજજો.

## સપ્તાહનાં વ્રત-તહેવાર

તા. ૨૪ થી તા. ૩૦ ઑગસ્ટ ૨૦૨૬

**તા. ૨૪ સોમવાર**
શ્રાવણ સુદ બારસ, પવિત્રા બારસ, શિવપૂજન(તલ), વિષ્ણુ પવિત્રારોપણ

**તા. ૨૫ મંગળવાર**
શ્રાવણ સુદ તેરસ, તેરસ વૃદ્ધિતિથિ, ભોમ પ્રદોષ, મંગલાગૌરી પૂજન

**તા. ૨૬ બુધવાર**
શ્રાવણ સુદ તેરસ, બુધપૂજન, ઈદેમિલાદ, પયગંબર સાહેબનો જન્મદિન, ઋકશ્રાવણી

**તા. ૨૭ ગુરુવાર**
શ્રાવણ સુદ ચૌદશ, ઋક, યજુ, શુક્લ, અથર્વ શ્રાવણી, હયગ્રીવ જયંતી, બૃહસ્પતિ પૂજન, નારિયેળી-વ્રતની પૂનમ, પંચક પ્રા.બપોરે ૧-૩૬થી.

**તા. ૨૮ શુક્રવાર**
શ્રાવણ સુદ પૂનમ, રક્ષાબંધન-બળેવ, કોકિલા વ્રત સ.,અમરનાથયાત્રા, ઝુલનયાત્રા, જીવંતિકાપૂજન, પંચક, માઘ ચંદ્રગ્રહણ(ભારતમાં દેખાશે નહીં)

**તા. ૨૯ શનિવાર**
શ્રાવણ વદ એકમ, હિંડોળા સ., અશ્વસ્થ-મારુતિ પૂજન, પંચક.

**તા. ૩૦ રવિવાર,**
શ્રાવણ વદ બીજ, આદિત્યપૂજન.